# જૈન ઇતિહાસ પ્રશ્નપત્ર

## (પુસ્તક આધાર - 'જૈન ઇતિહાસ', લેવલ 1, સેમિસ્ટર 1, પ્રકરણ 01-13)

---

## સૂચના

1) ઉત્તરપત્રમાં ફૂલસ્કેપ સિંગલ લાઈન પેપરમાં બ્લૂ પેનથી માત્ર જવાબ લખવા. કોઈ પણ સવાલ લખવા નહિ. જવાબક્રમ સાચો લખવો. પોતાની મહેનત કરીને જવાબો લખવા.

2) ઉત્તરપત્ર તારીખ 15 ઓક્ટોબર, 2026 સુધીમાં નીચેના સરનામે રૂબરૂ આપવાનું રહેશે અથવા કુરિયર કે પોસ્ટથી મોકલવાનું રહેશે. વ્હોટ્સઅપ વગેરે માધ્યમથી મોકલાવેલું ઉત્તરપત્ર નહીં ચાલે. ઉત્તરપત્ર મોડું આવશે કે ગેરવલ્લે જશે તો તેની જવાબદારી મોકલનારની જ રહેશે.

3) પરીક્ષાનું પરિણામ 1 ડિસેમ્બર, 2026 ના દિવસે જાહેર કરવામાં આવશે.

5) સાચા ઉત્તરો અંગે આખરી નિર્ણય પરીક્ષકનો રહેશે અને સ્વચ્છતા પર પણ ધ્યાન આપવામાં આવશે.

6) વધારે વિગત માટે સંપર્ક કરો - +91 78620 07078 (માત્ર વ્હોટ્સઅપ મેસેજ)

7) ઉત્તરપત્રમાં આટલી વિગત અવશ્ય લખવી: નામ, પુરુષ / સ્ત્રી, ઉંમર વર્ષ, સરનામું, વ્હોટ્સઅપ નંબર

8) 70% થી ઉપર લાવનારને ONLINE સર્ટિફિકેટ મોકલાવવામાં આવશે.

**પુસ્તક મેળવવાનું તથા ઉત્તરપત્ર મોકલવાનું સ્થળ :**

**Mandan Bhavan (Office time : Mon to Sat - 10AM to 5PM)**

Flat No 3, Unnati Sadan, Jain Mandir Road,

Daulat Nagar, Borivali East,

Mumbai 400066 Mo. +91 7862007078

**પારિતોષિક**

**(લેવલ 1 ના બંને પ્રશ્નપત્રનું ભેગું)**

**પ્રથમ :** ₹25,000

**દ્વિતીય :** ₹11,000

**તૃતીય :** ₹5,000

**ચતુર્થ :** ₹3,000

**પંચમ :** 1,000 રૂ. (5 વ્યક્તિઓને)

---

**આયોજન - A ray of Hope    આર્થિક સૌજન્ય : મંડન પરિવાર**

---

## પ્રશ્નપત્ર (કુલ માર્ક્સ - 100)

**પ્રશ્ન-1 નીચેના પ્રશ્નોના જવાબમાં આપેલા વિકલ્પમાંથી સાચા જવાબ લખો. (કોઈ પણ 10) (10 માર્ક્સ)**

(1) દીક્ષા-ગ્રહણની સાથે જ કોને પ્રવર્તિનીપદ મળ્યું?

(ક) પ્રતિમાદેવી (ખ) ઉમાદેવી (ગ) દુર્લભદેવી (ઘ) પાહિણીદેવી

(2) તરંગલોલાના રચયિતા આચાર્ય ભગવંત કયા કુળમાં થયા ?

(ક) નાગેન્દ્ર (ખ) ચાન્દ્ર (ગ) નિવૃત્તિ (ઘ) વિદ્યાધર

(3) ગણધરવંશ, વાચકવંશ અને યુગપ્રધાન પટ્ટાવલી કોના સુધી સમાન હતી?

(ક) આર્ય મહાગિરિ (ખ) આર્ય સુસ્થિત (ગ) આર્ય સ્થૂલભદ્ર (ઘ) આર્ય સુહસ્તિ

(4) હાલનું ઓસિયાજી કોણે વસાવ્યું હતું?

(ક) રાજા મણિરત્ને (ખ) મેઘરથકુમારે (ગ) સુરસુંદરે (ઘ) રાજા શ્રીપુંજે

(5) જિનપ્રભસૂરિજીએ સોમતિલકસૂરિજીને સ્વરચિત કેટલાં સ્તોત્રો સમર્પિત કર્યાં હતાં ?

(ક) 7000 (ખ) 70 (ગ) 700 (ઘ) 7

(6) સંવત્સરી મહાપર્વ ભાદરવા સુદ ચોથે કરવાનો શકવર્તી નિર્ણય કોણે લીધો હતો?

(ક) કાલકાચાર્ય (દ્વિતીય) (ખ) દેવર્ધિગણિ ક્ષમાશ્રમણ (ગ) જિનદત્તસૂરિજી (ઘ) વાચક ઉમાસ્વાતિ મહારાજ

(7) સિદ્ધસેન દિવાકરજી પ્રાયશ્ચિત્તરૂપે કેટલાં વર્ષ સુધી ગુપ્તવેશમાં રહ્યા?

(ક) 12 વર્ષ (ખ) 7 વર્ષ (ગ) 5 વર્ષ (ઘ) 8 વર્ષ

(8) પ્રતિક્રમણમાં શું બોલતી વખતે વજ્રસ્વામીના કાન પરથી સૂંઠનો ગાંગડો પડ્યો?

(ક) જત્તા ભે (ખ) અહો કાયં (ગ) ઝંકારા (ઘ) ઇચ્છામિ ખમાસમણો

(9) કયા ધ્યાનના સહારે માત્ર 1 મુહૂર્તમાં 2 વાર 14 પૂર્વનો સ્વાધ્યાય કરી શકાય ?

(ક) ધર્મધ્યાન (ખ) શુક્લધ્યાન (ગ) મહાપ્રાણ ધ્યાન (ઘ) પ્રેક્ષા ધ્યાન

(10) પ્રજ્ઞાપનાસૂત્ર નામના આગમ ગ્રંથના રચયિતા કોણ હતા?

(ક) ગણધર ભગવંત (ખ) ભદ્રબાહુસ્વામી (ગ) આર્ય શય્યંભવ (ઘ) આર્ય શ્યામ

(11) 1 વાક્યના 8 લાખ અર્થો બતાવતો ગ્રંથ કયો છે?

(ક) અષ્ટલક્ષી અર્થરત્નાવલી (ખ) અષ્ટલક્ષી અર્થાવલી (ગ) અષ્ટલક્ષી કારિકા (ઘ) અષ્ટલક્ષી અર્થદર્શિકા

## પ્રશ્ન-2 નીચેનાં વાક્ય કોણ બોલે છે અને કોને કહે છે તે જણાવો. (7 માર્ક્સ)

(1) અમે અકિંચન સાધુ છીએ, માટે અમારે કંચન-કામિનીનો પડછાયો પણ ખપે નહિ.

(2) સચિત્ત કે અચિત્ત જે ગોચરી મળે તે લેતા આવજો.

(3) વત્સ! પાલિત્તો હોહિ.

(4) વિદ્યાનો ભલે નાશ થાય, પણ અપાત્રને વિદ્યા ન અપાય.

(5) હે પુત્ર! તું એક વખત લગ્ન કરી લે, ત્યારબાદ જે કરવું હોય તે કરજે.

(6) તમારા જેવા વિદ્યમાન છે તેથી જ જિનશાસનમાં ચારિત્ર પ્રવર્તે છે.

(7) અહીં તો સિંહ હતો ને?

## પ્રશ્ન-3 નીચે આપેલા પ્રશ્નોના એક શબ્દમાં જવાબ લખો. (કોઈ પણ 15) (15 માર્ક્સ)

(1) પ્રભુ વીરના નિર્વાણ પૂર્વે તેમના કેટલા ગણધરો મોક્ષે ગયા હતા?

(2) આચાર્ય કક્કસૂરિ (છઠ્ઠા) બીજા કયા નામે પણ ઓળખાય છે?

(3) યોનિ ઉત્પન્ન કરવાની જાણકારી આપતું શાસ્ત્ર કયું?

(4) જિનશાસનનો સીમાસ્તંભરૂપ ઈતિહાસગ્રંથ કયો છે?

(5) મુનિ સોમચંદ્રજીને સરસ્વતીમાતા ખંભાતના કયા દેરાસરમાં પ્રત્યક્ષ થયાં?

(6) 'મણગપિયા' એટલે કોણ?

(7) આત્માને મેરુપર્વત જેવો સ્થિર બનાવવાની ક્રિયાનું નામ શું?

(8) શ્રીસંઘે પોતાનું કર્તવ્ય સમજીને યક્ષદેવસૂરિજી (ત્રીજા) ને કેટલા દીકરાઓ આપ્યા?

(9) પાદલિપ્તસૂરિજીએ કોની પાસે વિદ્યાભ્યાસ કર્યો હતો?

(10) કાલકાચાર્ય (દ્વિતીય) કેટલા ઈરાની રાજાઓને ભારત લાવ્યા?

(11) કયા સ્તોત્રના પ્રભાવે શિવલિંગ ફાટીને પાર્શ્વનાથ પ્રભુની પ્રતિમા પ્રગટ થઈ?

(12) જૈન દર્શનના સિદ્ધાંતોના સંગ્રહરૂપ સંસ્કૃત ભાષામાં સૂત્રાત્મક રીતે રચાયેલો ગ્રંથ કયો છે?

(13) ગૌતમસ્વામીના રાસના રચયિતા કોણ?

(14) કલિકાલસર્વજ્ઞે આચાર્ય મલ્લવાદિસૂરિજીને શું કહી બિરદાવ્યા છે?

(15) કોના આગમનથી આચાર્ય ભદ્રગુપ્તસૂરિજીને આવેલ શુભ સ્વપ્ન ફળ્યું?

(16) ભદ્રબાહુસ્વામીએ કેટલી નિર્યુક્તિની રચના કરી?

(17) કલિકાલસર્વજ્ઞે રચેલો વનસ્પતિશાસ્ત્રનો ગ્રંથ કયો?

**પ્રશ્ન-4 નીચે આપેલા વિકલ્પોમાંથી અસંબદ્ધ વિકલ્પ શોધો. (કોઈ પણ 6) (6 માર્ક્સ)**

(1) (ક) અવધિજ્ઞાન (બ) મનઃપર્યવજ્ઞાન (ગ) પરમાવધિજ્ઞાન (ઘ) કેવલજ્ઞાન

(2) (ક) સંઘ (ખ) ગચ્છ (ગ) સમુદાય (ઘ) ગણ

(3) (ક) આચાર્ય રત્નપ્રભસૂરિ (ખ) આચાર્ય યક્ષદેવસૂરિ (ત્રીજા) (ગ) આચાર્ય જિનકુશલસૂરિ (ઘ) આચાર્ય કક્કસૂરિ (છઠ્ઠા)

(4) (ક) સચ્ચિકા દેવી (ખ) ચક્કેસરી દેવી (ગ) સર્વાનુભૂતિ યક્ષ (ઘ) ગણિપિટક યક્ષ

(5) (ક) તરંગલોલા (ખ) તરંગલેખા (ગ) તરંગવતી (ઘ) તરંગવતીસાર

(6) (ક) ફાગણ વદ 8 (ખ) જેઠ વદ 4 (ગ) મહા વદ 11 (ઘ) વૈશાખ સુદ 10

(7) (ક) ગણધરવંશ (ખ) વાચકવંશ (ગ) યુગપ્રધાનપટ્ટાવલી (ઘ) નાદવંશ

**પ્રશ્ન-5 નીચેના ગ્રંથો કેટલા શ્લોકપ્રમાણ કે ગાથાપ્રમાણ છે તે જણાવો. (4 માર્ક્સ)**

1. પૂજાવિધિ પ્રકરણ 2. સિદ્ધહેમશબ્દાનુશાસન 3. દ્વાદશારનયચક્ર 4. અભિધાનચિંતામણિકોષ

**પ્રશ્ન-6 સવિસ્તાર જવાબ લખો. (કોઈ પણ 5) (20 માર્ક્સ)**

(1) મુરુંડ રાજાને પ્રભુએ સ્થાપેલી ગુરુ-શિષ્ય પરંપરા માટે શ્રદ્ધા કઈ રીતે જન્મી તે પ્રસંગ જણાવો.

(2) 'પ્રાચીન કાળથી જૈન ધર્મમાં મૂર્તિપૂજાને સમર્થન છે', એ વાતને સાબિત કરતો પુરાવો જણાવો.

(3) સરસ્વતીમાતાએ પ્રત્યક્ષ થઈને વરદાન આપેલા આ પુસ્તકમાં આવતા મહાપુરુષોનાં નામ અને તેમની સાહિત્યરચના જણાવો.

(4) ઈન્દ્રે કરેલી શ્યામાચાર્યની પરીક્ષાનો પ્રસંગ વિગતવાર જણાવો.

(5) આ પુસ્તકમાં વર્ણવાયેલાં ચરિત્રોના આધારે કેટલાક મહાપુરુષોને કેટલીક વિદ્યાઓ પ્રાપ્ત થઈ તેની નોંધ લખો.

(6) સિદ્ધસેન દિવાકરસૂરિને શા માટે પારાંચિત પ્રાયશ્ચિત્ત મળ્યું હતું?

**પ્રશ્ન-7 નીચેના શબ્દોની વ્યાખ્યા લખો. (5 માર્ક્સ)**

(1) દેશના (2) તીર્થંકર (3) કલ્પવૃક્ષ (4) કલ્યાણક (5) વાચકવંશ

**પ્રશ્ન-8 ટૂંકમાં જવાબ લખો. (10 માર્ક્સ)**

(1) નિર્ગ્રંથ ગચ્છનું નામ 'કોટિક ગણ' કઈ રીતે પડ્યું?

(2) આદિનાથ પ્રભુના ઉલ્લેખ વૈદિક ધર્મના કયાં કયાં પુરાણોમાંથી મળે છે, તેની ટૂંકી નોંધ આપો.

(3) 'ચારી-સંજીવિની ન્યાય' કોને કહેવાય છે?

(4) 'પ્રભુના એક વચનના અનંતા અર્થો' કઈ રીતે થઈ શકે? અકબર રાજાની આ શંકાનું સમાધાન કઈ રીતે થયું?

(5) આર્ય મહાગિરિજીની નિરીહતા દર્શાવતી ઘટના વર્ણવો.

**પ્રશ્ન-9 નીચેની સંવતમાં થયેલી ઘટનાને એક લીટીમાં જણાવો. (6 માર્ક્સ)**

1) વીર નિ. 1 2) વીર નિ. સં 215 3) ઈ. સ. પૂર્વે 73

4) વિક્રમ સં. 1166 5) વીર નિ. સં. 700 6) ઈ. સ. 1635

**પ્રશ્ન-10 નીચેનાં બિરુદો કોને પ્રાપ્ત થયાં છે તે જણાવો. (7 માર્ક્સ)**

1. જ્ઞાનનો સાગર 2. શ્રુતકેવલી 3. ક્ષમાશ્રમણ 4. કાવ્યપ્રભાવક 5. વાદી 6. કવિકટારમલ્લ 7. તપા

**પ્રશ્ન-11 ઈતિહાસ જાણ્યા પછી તમને જાગેલી સંવેદનાઓ જણાવો. (10 માર્ક્સ)**

## ઐતિહાસિક ગ્રંથ 'સન્મતિતર્ક-પ્રકરણમ્' નો સંઘાર્પણ મહોત્સવ!

* જૈન ન્યાયના આદિ-પિતામહ આચાર્યશ્રી સિદ્ધસેન દિવાકર રચિત મૂળ ગ્રંથ, ન્યાયપંચાનન આચાર્યશ્રી અભયદેવસૂરિજી રચિત વાદમહાર્ણવ ટીકા તથા શાસનસમ્રાટ્ આચાર્યશ્રી વિજયનેમિસૂરિ મહારાજના અત્યંત ગહન 'ન્યાયસુધા' વિવરણથી અલંકૃત આ મહાન ગ્રંથ સૌપ્રથમ વાર પ્રકાશિત થઈ રહ્યો છે.

* લગભગ ૧૦૦ વર્ષ જૂનાં પ્રાયઃ 3000 હસ્તલિખિત જર્જરિત પાનાઓને પૂજ્ય શાસ્ત્રનિષ્ઠ પંડિતપ્રવરશ્રી ત્રૈલોક્યમંડનવિજયજીએ અત્યંત પરિશ્રમપૂર્વક સંપાદિત કરીને કુલ ૬ ખંડોમાં તૈયાર કર્યાં છે.

* દર્શનશાસ્ત્રના આ અમૂલ્ય ખજાનાની A Ray of Hope (મંડન પરિવાર) દ્વારા પ્રથમ આવૃત્તિમાં માત્ર 300 સીમિત નકલો (Limited Edition) જ છાપવામાં આવી છે.

* જ્ઞાનના અભ્યાસુઓ માટે પ્રકૃતિના અદ્ભુત વરદાન સમાન આ ગ્રંથના ઐતિહાસિક સંઘાર્પણ પ્રસંગમાં સહભાગી થવા સૌને ભાવભર્યું આમંત્રણ છે.

* સંઘાર્પણ: આસો વદિ ૭, રવિવાર, 1 November, 2026, જીવણ અબજી જૈન ઉપાશ્રય, માટુંગા, મુંબઈ

* આ દુર્લભ પ્રકાશનની નકલ પ્રાપ્ત કરવા સંપર્ક:

  મોબાઈલ નંબર: +91 83203 68605 / +91 78620 07078

  ઈ-મેલ: arayofhope.tm@gmail.com / mandanparivar2023@gmail.com

---

## રાશિકલા પ્રદર્શન

* શું તમે ક્યારેય બ્રહ્માંડની ૧૨ રાશિઓ અને વિદ્યાની દેવી માઁ સરસ્વતીનાં ૧૨ દિવ્ય સ્વરૂપોનો અદ્ભુત સંગમ જોયો છે? મંડન પરિવાર પ્રસ્તુત કરે છે એક અલૌકિક અને આધ્યાત્મિક કલાયાત્રા – "રાશિકલા પ્રદર્શન".

* આ ભવ્ય આયોજન પૂજ્ય શાસ્ત્રનિષ્ઠ પંડિતપ્રવરશ્રી ત્રૈલોક્યમંડનવિજયજી મહારાજની પાવન નિશ્રા અને માર્ગદર્શન હેઠળ યોજાવા જઈ રહ્યું છે. આ પ્રદર્શનમાં ૬ ફૂટ ઊંચા અત્યંત આકર્ષક અને હાથેથી તૈયાર કરાયેલાં (Hand-painted) વિશિષ્ટ ચિત્રો અને મૂર્તિઓ દ્વારા જૈન કોસ્મોલોજી અને રાશિચક્રને જીવંત કરવામાં આવશે.

* અહીં માત્ર દર્શન જ નહીં, પરંતુ દરેક રાશિ મુજબ ખાસ તૈયાર કરાયેલ દિવ્ય સંગીત, લાઈટિંગ અને સુગંધનો અનોખો ઈન્દ્રિયગમ્ય (Sensory) અનુભવ પણ મળશે.

* સાથે જ, તમારી પોતાની રાશિના સ્વામી ગ્રહ, રત્ન અને પુષ્પનું આધ્યાત્મિક મહત્ત્વ જાણીને બ્રહ્માંડની ઊર્જા સાથે જોડાવાનો આ એક દુર્લભ લહાવો છે.

* તો આવો, કળા, ભક્તિ અને જ્ઞાનના આ ત્રિવેણી સંગમમાં સહભાગી બનવા આપ સહપરિવાર આમંત્રિત છો.

* તારીખ: 10-14 November, 2026, કાર્તિક શુદિ ૧ થી ૫, સં. ૨૦૮૩

* સ્થળ: શ્રી કુંથુનાથ જૈન દેરાસર, પોદાર સ્કૂલ પાસે, સાંતાક્રુઝ વેસ્ટ, મુંબઈ